वसुधैव कुटुम्बकम्

ONE EARTH · ONE FAMILY · ONE FUTURE

સત્યમેવ જયતે

**ગુજરાત રાજ્ય**

**શિક્ષણ વિભાગ**

**ઠરાવ ક્રમાંક:-પરચ/૨૦૧૮/૬૧/ખ-૧**

**સચિવાલય, ગાંધીનગર**

**તા.૧૨-૦૫-૨૦૨૩**

**રાજ્યની શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી યુનિવર્સિટીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટેનું કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરવા બાબત.**

1 8 MAY 2023
690

આમુખ:-

શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓ માટે મેડીકલ અને ફાર્મસી સિવાયના અભ્યાસક્રમો માટે વખતો વખત કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરવામાં આવે છે. હાલમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે પણ કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે પણ શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓના મેડીકલ અને ફાર્મસી સિવાયના અભ્યાસક્રમો માટે નીચે મુજબનું કોમન એકેડેમિક કેલેન્ડર આથી નિયત કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | સમયગાળો (તારીખ) |
|---|---|---|
| | પ્રથમ સત્ર (UG સેમ. 3 & ૫ તથા PG સેમ.3) | તા:૧૫-૦૬-૨૦૨૩ થી શૈક્ષણિક કાર્ય શરૂ કરવું. (તા. ૧૫-૦૬-૨૦૨૩ થી તા. ૧૬-૧૨-૨૦૨૩ સુધી ટીચિંગ સહિત પ્રથમ સત્રના કામકાજના ૧૩૦ દિવસો) |
| ૧. | પ્રવેશ પ્રક્રિયા: | તા:૦૧-૦૬-૨૦૨૩ થી તા.૨૦-૦૬-૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવી. (ધોરણ-૧૨ના પરિણામ જાહેર થયા પછી) |
| | પ્રથમ સત્ર (UG /PG સેમ. ૧) | તા:૨૧-૦૬-૨૦૨૩ થી શરૂ કરવું. |

| | | |
|---|---|---|
| ૨. | દિવાળી વેકેશન | તા:૧૦-૧૧-૨૦૨૩ થી તા.૩૦-૧૧-૨૦૨૩ સુધી (૨૧ દિવસો)<br>દિવાળી વેકેશન ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સહિત ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની યુનિવર્સિટીઓ/કોલેજોમાં સમાન રહેશે. |
| ૩. | યુનિ.વિભાગ/કોલેજોનું આંતરીક મૂલ્યાંકન | વીક્લી ટેસ્ટ/ પ્રોજેક્ટ વર્ક/ ગ્રૂપ ડીસ્કશન વગેરેથી પ્રથમ સત્રના અંત પહેલા અથવા યુનિવર્સિટીઓ દ્વારા નક્કી કરવામાં આવશે. (તા.૦૧-૧૨-૨૦૨૩ થી તા.૧૬-૧૨-૨૦૨૩ દરમિયાન) |
| ૪. | પ્રથમ સત્ર સમાપ્તિ | તા:૧૬-૧૨-૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવું. |
| ૫. | દ્વિતીય સત્ર (UG સેમ. ૨, ૪ & ૬ તથા PG સેમ.૨ & ૪) | તા.૧૮-૧૨-૨૦૨૩ થી તા.૩૦-૦૪-૨૦૨૪ સુધી (ટીચિંગ સહિત દ્વિતીય સત્રના કામકાજના ૧૦૮ દિવસો) |
| ૬. | યુનિ. વિભાગ/કોલેજોનું દ્વિતીય સત્ર આંતરીક મૂલ્યાંકન | વીક્લી ટેસ્ટ/ પ્રોજેક્ટ વર્ક/ ગ્રૂપ ડીસ્કશન વગેરેથી માર્ચ ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવી. દ્વિતીય સત્રના અંત પહેલાં અથવા યુનિવર્સિટીઓ દ્વારા (તા.૦૧-૦૪-૨૦૨૪ થી તા.૩૦-૦૪-૨૦૨૪ દરમિયાન) નક્કી કરવામાં આવશે. |
| ૭. | દ્વિતીય સત્ર સમાપ્તિ | તા:૩૦-૦૪-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવું. |
| ૮. | ઉનાળું વેકેશન | તા.૦૧-૦૫-૨૦૨૪ થી તા.૧૫-૦૬-૨૦૨૪ (૪૬ દિવસો) |
| ૯. | નવું શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫ | તા: ૧૭-૦૬-૨૦૨૪ થી શરૂ કરવું. |



CamScanner

વેકેશન દરમિયાન યુનિવર્સીટીની વિવિધ સેમેસ્ટરની પરિક્ષાઓ દરમ્યાન ટીચિંગ/ નોન ટીચિંગ સ્ટાફ દ્વારા પરીક્ષાઓ અંગેની તમામ ડ્યુટી બજાવવાની રહેશે.

➢ ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી અને તેને સંલગ્ન ટેક્નીકલ શિક્ષણની યુનિવર્સિટીઓ/કોલેજોમાં AICTE દ્વારા કોમન એકેડમિક કેલેન્ડર નિયત કરવામાં આવશે તે લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ.

શેરા ક્રમાંક:ડીટીઈ/એકેડેમીક/ક(૧)/૨૦૨૩/3227
ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, કર્મયોગી ભવન,
બ્લોક નં.૨ છઠ્ઠો માળ, સેકટર-૧૦/ એ, ગાંધીનગર
તા. 19 MAY 2023

<u>નકલ રવાના:- જરૂરી કાર્યવાહી સારૂ. ( ઈ-મેઈલ દ્વારા)</u>

૧. રજીસ્ટ્રાર, જીટીયુ, અમદાવાદ તરફ ( યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી તમામ સંસ્થાઓ/ તમામ ખાનગી તથા ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ ને ઈ-મેલ દ્વારા જાણ કરવા સારૂ.)
૨. મેમ્બર સેક્રેટરીશ્રી,ડીગ્રી પ્રવેશ સમિતિ,અમદાવાદ.
૩. મેમ્બર સેક્રેટરીશ્રી,ડિપ્લોમાં પ્રવેશ સમિતિ.અમદાવાદ.
૪. તમામ સરકારી/અનુદાનિત/ડીગ્રી/ડિપ્લોમાં ઇજનેરી/ફાર્મસી અને એમ.સી.એ. કોલેજો તરફ.
૫.ઓ.એસ.ડી.ફી રેગ્યુલેટરી કમિટી,અમદાવાદ.

નાયબ ટેકનીકલ શિક્ષણ નિયામક